DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

અહેવાલપાત્ર

ભારતની સર્વોચ્ચ અદાલતમાં

ફોજદારી અપીલીય હકૂમત

ફોજદારી અપીલ નંબર ૬૪ ઓફ ૨૦૨૧

સિજુ કુરિયન .....અપીલકર્તા

વિરુદ્ધ

કર્ણાટક રાજ્ય .....પ્રતિવાદી

ચુકાદો

ન્યાયમૂર્તિ અરવિંદ કુમાર

૧. આ અપીલ ફાસ્ટ ટ્રેક કોર્ટ, સાગર તાલુકાની ફાઈલ પર સેશન્સ કેસ નંબર ૯૬/૨૦૧૨ ના આરોપી દ્વારા, સુપ્રીમ કોર્ટ (ફોજદારી અપીલીય અધિકારક્ષેત્રનું વિસ્તરણ) ધારો, ૧૯૭૦ ની કલમ ૨ (૧) (એ) હેઠળ, ફાસ્ટ ટ્રેક કોર્ટના ચુકાદા સામે કર્ણાટક રાજ્ય દ્વારા દાખલ કરવામાં આવેલી ફોજદારી અપીલ નંબર ૩૩૫/૨૦૧૪ માં કર્ણાટક ઉચ્ચ અદાલતે આપેલા ચુકાદાની વિરુધ્ધમાં કરવામાં આવી છે, કે જેમાંઆરોપીને નિર્દોષ છોડી મુકવામાના આદેશને ઉલટાવીને અપીલકર્તાને ભારતીય દંડ સંહિતાની (ટૂંકમાં 'આઇપીસી') કલમ–૩૦૨ , આઇપીસી ની કલમ–૨૦૧, આઇપીસી ની કલમ–૪૦૪ અને આઇપીસીની કલમ–૪૧૯ હેઠળ સજાનેપાત્ર ગુના માટે સાદી આજીવનકેદની સજા તથા ૩ વર્ષ/૨ વર્ષના સમયગાળા

માટેની સાદી સજા જે તે લાગુ પડતા ગુના માટે દોષી ઠેરવવામાં આવ્યો હતો, કે જેને એકસાથે ભોગવવાનો આદેશ કરવામાં આવ્યો હતો અને દંડ પણ કરવામાં આવ્યો હતો.

૨. ફરિયાદપક્ષે રજૂ કરેલા કેસની ટૂંકી હકીકતો નીચે મુજબ છેઃઆરોપી સાગર તાલુકા (કર્ણાટક રાજ્ય) ના કેરોડી ગામમાં શ્રી જોસ કાફન (મૃતક) ના ફાર્મહાઉસમાં મજૂર તરીકે કામ કરતો હતો અને ૦૨.૧૨.૨૦૧૧ના રોજ સવારે ૬:૦૦ થી ૬:૩૦ વાગ્યાની વચ્ચે મૃતક ત્યાં સૂતો હતો ત્યારે, આરોપીએ ફાર્મ હાઉસની પૂર્વ બાજુથી પ્રવેશ કર્યો હતો અને તેના ચહેરા પર, ડાબી આંખ પર અને ડાબા ગાલ પર બળપૂર્વક લોખંડના સળિયાથી માર મારીને તેની હત્યા કરી હતી. ત્યારબાદ, ફાર્મહાઉસમાંથી વસ્તુઓની ચોરી કરીને ફાર્મહાઉસની વસ્તુઓને બીજી વ્યક્તિઓને ગેરકાયદેસર નાણાંકીય ફાયદો મેળવવા માટે વેચી મારી હતી.આ કૃત્યને છુપાવવા માટે અને જાણી જોઈને પુરાવાઓને નષ્ટ કરવાના ઈરાદાથી આરોપીએ આ મૃતદેહને ફાર્મ હાઉસની પશ્ચિમ બાજુએ આવેલા બગીચાની જમીનમાં રાખથી બનેલા ખાતરના સંગ્રહ માટેના એક ખાડામાં છુપાવી દીધો હતો.હત્યા માટે ઉપયોગમાં લેવાયલ લોખંડનો સળિયો, મૃતક વ્યક્તિનો કમર પટ્ટો, તેનું પેન્ટ અને શર્ટ પણ બગીચાની ઉપરની માટીની નીચે છુપાવી દેવામાં આવેલ હતા, ત્યારબાદ તેણે ફાર્મ હાઉસમાંથી ચોરી કરેલા ઉપકરણો અવેજ માટે થઈને સુનિલકુમાર (ફરિયાદી સાહેદ–૧૮) ને વેચી દીધા હતા અને એ જ રીતે તેણે અન્ય ચીજો શ્રી ડેનિસ સી થોમસ (ફરિયાદી સાહેદ–૨૦) ને વેચી દીધી હતી.વેચાણ દ્વારા આપવામાં આવેલી કથિત રકમનો આરોપી દ્વારા અપ્રમાણિક રીતે દુરુપયોગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત ફરિયાદપક્ષ દ્વારા એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે, આરોપીએ પોતાને મૃતક વ્યક્તિનો દીકરો ગણાવીને મૃત વ્યક્તિની જમીન વેચવાનો પ્રયાસ કર્યો હતો અને તેના ખોટા દાવાઓની સાબિતી આપવા માટે મૃતકના

ફાર્મ હાઉસના દસ્તાવેજો પણ ફરિયાદી સાહેદ–૧૫ શ્રી લિજોને સુપરત કર્યા હતા અને ત્યારબાદ તે ફરાર થઈ ગયો હતો.

૩. મૃતકના પુત્ર સાજીદે મૃતકના ગુમશુદા અંગેની ફરિયાદ નોંધાવી હતી અને આરોપીઓ વિશેની માહિતીની પૃષ્ઠભૂમિમાં તપાસ હાથ ધરવામાં આવી હતી અને આરોપીઓએ ગુનો કબૂલી લીધો હતો અને સાક્ષીઓની હાજરીમાં મૃતદેહ ક્યાં છુપાવ્યો હતો તે બતાવ્યું હતું.આથી ફરિયાદપક્ષે આરોપ લગાવ્યો હતો કે આ રીતે આરોપીએ ફરિયાદીના પિતાની હત્યા કરી હતી, મૃતકની ચીજવસ્તુઓનું વેચાણ કર્યું હતું અને મૃતકની માલિકીની જમીનના દસ્તાવેજો સુપરત કર્યા હતા, જેમાં પોતે મૃતકનો પુત્ર હોવાનો દાવો કરવામાં આવ્યો હતો અને અન્ય લોકોને ગેરકાયદેસર રીતે જમીન વેચવાનો પ્રયાસ કર્યો હતો. તપાસ પૂર્ણ થયા પછી, આઇપીસીની કલમ ૩૦૨, ૨૦૧, ૪૦૪ અને ૪૧૯ હેઠળ સજાને પાત્ર ગુના બદલ આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.આરોપીઓ સામે આરોપ ઘડવામાં આવ્યો હતો, જેનો આરોપી દ્વારા ઇન્કાર કરવામાં આવ્યો હતો જેના પરિણામે ટ્રાયલ ચલાવવામા આવી હતી અને આરોપીનો ગુનો સાબિત કરવા માટે, ફરિયાદપક્ષ દ્વારા ફરિયાદપક્ષના સાક્ષી–૧ થી ફરિયાદપક્ષના સાક્ષી–૨૫ એમ કુલ ૨૫ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી અને આંક–૧ થી આંક–૫૧ અને એમઓ–૧ થી એમઓ–૪૭ તરીકે આધારભૂત પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા.ફરિયાદપક્ષના પુરાવાના નિષ્કર્ષ પર, ફોજદારી કાર્યરિતિ સંહિતાની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું નિવેદન નોંધવામાં આવ્યું હતું અને આરોપીએ પોતાને નિર્દોષ હોવાની રજૂઆત કરી હતી અને નિર્દોષ હોવાની પોતાની ભૂમિકાનો પુનરોચ્ચાર કર્યો હતો.બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી વિધ્વાન સેશન્સ જજે નિર્ણયના છ મુદ્દાઓ નક્કી કર્યા હતા.વિધ્વાન ટ્રાયલ જજે ૮.૮.૨૦૧૩ ના રોજ ચુકાદો આપીને એવા નિષ્કર્ષ પર પહોંચીને આરોપીને

નિર્દોષ જાહેર કર્યો હતો કે ફરિયાદપક્ષ તેના કેસને વાજબી શંકા રહિત સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે.સરકાર દ્વારા તેનાથી વ્યથિત થઈને નિર્દોષ છોડી મુકવાના આ આદેશ સામે ફોજદારી અપીલ નંબર ૩૩૫/૨૦૧૪ દાખલ કરવામાં આવી હતી, જેમાં અન્ય બાબતોની સાથે એવી દલીલ કરવામાં આવી છે કે સેશન્સ જજ પુરાવાઓનું સાચુ વિષ્લેષણ કરીને તપાસ કરવામાં નિષ્ફળ રહ્યા છે અને/અથવા પુરાવાઓ અંગે ખોટી સમજણ છે અને તેથી આરોપીને દોષિત ઠેરવવાની જરુર હતી.એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, ચીજ–વસ્તુઓની જડતી, એટલે કે, ભૌતિક ચીજવસ્તુની જડતી, આરોપીના કહેવાથી થઇ હતી અને સાક્ષીઓની જુબાની સ્પષ્ટપણે ફરિયાદપક્ષના કેસને ટેકો આપે છે, છતાં વિદ્વાન સેશન્સ જજે ખોટી રીતે ફરિયાદનો અસ્વીકાર કર્યો હતો.એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે, ડૉક્ટર ફરિયાદપક્ષના સાક્ષી–૨૨ના પુરાવા પર યોગ્ય દ્રષ્ટિકોણથી વિચાર ન થવાને કારણે સેશન્સ કોર્ટ દ્વારા દોષમુક્ત કરવાનો ખોટો આદેશ આપવામાં આવ્યો હતો.આ ઉપરાંત, અપીલ મેમોરેન્ડમમાં વિનંતી કરવામાં આવી હતી તે મુજબ રાજ્ય સરકારે ટ્રાયલ કોર્ટ દ્વારા અપાયેલા દોષમુક્તિના આદેશને પાછો ખેંચવાની માંગ કરી હતી.ફરિયાદપક્ષ અને આરોપીઓ તરફથી હાજર થયેલા વિદ્વાન વકીલો દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો પર વિચાર કર્યા પછી, ઉચ્ચ અદાલતે ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા નિષ્કર્ષને ઉલટાવી દીધો હતો અને આઇપીસીની કલમ ૩૦૨, ૨૦૧, ૪૦૪ અને ૪૧૯ હેઠળ દંડનીય અપરાધ માટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો અને તેને ઉપર જણાવ્યા મુજબ આજીવન કેદની સજા ફટકારી હતી.આથી આ અપીલ કરવામાં આવી છે.

૪. અમે અપીલકર્તા વતી હાજર થતા વિધ્વાન વકીલો વકીલ શ્રી રંજીત બી. મરારની, સાથે–સાથે શ્રી ઝુલ્ફીકર અલી પી.એસ., સુશ્રી લક્ષ્મી શ્રી પી., સુશ્રી લેબીના બેબી,

અપીલકર્તા/આરોપીના વકીલો અને શ્રી વી. એન.રઘુપથી, સરકાર વતી હાજર થતા. વિધ્વાન વકીલ ધ્વારા કરાયેલી દલીલોને સાંભળી.

૫. અપીલકર્તા તરફથી વિદ્ધાન વકીલ શ્રી રંજીત બી. મરારની દલીલ છે કે આરોપીની ભૂમિકાને લગતો કોઈ સીધો પુરાવો નથી અને ઉચ્ચ અદાલતે સાંયોગિક પુરાવાના આધારે દોષિત ઠરાવવાનો આદેશ આપ્યો છે. તેમણે દલીલ કરી હતી કે, ફરિયાદપક્ષ પરિસ્થિતિજન્ય પુરાવાના આધારે ઘટનાઓની શ્રેણી સ્થાપિત કરવામાં સક્ષમ નથી, જે તમામ એક અને એકમાત્ર નિષ્કર્ષ તરફ દોરી જાય છે અને તે છે આરોપીનો અપરાધ.તે એવી દલીલ રજૂ કરે છે કે દોષારોપણ માત્ર ને માત્ર પુરાવા અધિનિયમની કલમ–૨૭ની દ્રષ્ટિએ અપીલકર્તા દ્વારા આરોપજન્યરીતે પોલીસ સમક્ષ આપેલા કબૂલાતભર્યા નિવેદનના આધારે કરવામાં આવેલ છે. પુરાવો આધારભુત નથી અને તેનો સ્વીકાર થવો જોઈતો ન હતો કારણ કે તે કન્નડ ભાષામાં લખાયેલ હતો અને તે આરોપીની જાણમાં ન હતો.તેમણે દલીલ કરી હતી કે, ફરિયાદપક્ષ મુજબ આરોપીએ ફરિયાદપક્ષના સાક્ષી–૧૦ ની હાજરીમાં મલયાલમમાં પોલીસ સ્ટેશનમાં કબૂલાત કરી હતી, જેમણે તેનો કન્નડ ભાષામાં અનુવાદ કર્યો હતો અને નિર્વિવાદ રીતે ફરિયાદપક્ષના સાક્ષી–૧૦ ને કન્નડ લખવાનું અને વાંચવાનું આવડતું નહોતું, પરંતુ તે માત્ર કન્નડ ભાષા બોલી શકતો હતો અને તે રીતે, અપીલકર્તાની પોલિસ સમક્ષ કરેલી કબૂલાતનુ અનુવાદ કરાયેલ નિવેદન પુરાવા તરીકે માન્ય ગણી શકાય નહિ. કઇ વ્યક્તિએ કોમ્પ્યુટર પર ટાઈપ કરાવ્યું હતું અને તેની પ્રિન્ટ લીધી હતી તેનો રેકર્ડ પર કોઈ પુરાવા ઉપલબ્ધ ન હોવાની હકીકત સદર નિવેદન પુરાવા તરીકે અસ્વીકાર કરવા માટે પૂરતુ હતુ અને ફરિયાદી પક્ષ તરફથી કોઈ ખુલાસો આવ્યો નહોતો.ઉચ્ચ અદાલતે ટ્રાયલ કોર્ટ દ્વારા યોગ્ય રીતે દર્શાવવામાં આવેલા

મુદ્દાઓ પર ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાના તર્કસંગત આદેશમાં દખલગીરી ન કરવી જોઈએ.

૬. તેમણે આ અદાલતનું ધ્યાન ફરિયાદપક્ષના સાક્ષી–૧૦ ના પુરાવા તરફ પણ દોર્યું હતું અને દલીલ કરી હતી કે તેઓ અન્ય ફરિયાદી સાક્ષીના નજીકના મિત્ર છે અને તેમના પુરાવા પર વિચાર કરવો જોઈએ નહીં. વધુમાં દલીલ કરેલ છે કે તે કહેશે કે આરોપીનું કબૂલાત નિવેદન પ્રિન્ટેડ ફોર્મેટમાં હતું અને તે પોલીસ સ્ટેશનમાં આરોપીની હાજરીમાં લખવામાં આવ્યું નહોતું અને ફરિયાદપક્ષના મત મુજબ પણ તે ફરિયાદપક્ષના સાક્ષી–૧૦ દ્વારા કહેવામાં આવ્યું હતું, જે પોલીસ દ્વારા લખાયું હતું અને નિર્વિવાદ રીતે જે નિવેદન લખાયું હતું તે જ રજૂ કરવામાં આવ્યું નહોતું અને આથી ફરિયાદપક્ષના સાક્ષી–૧૦ના પુરાવા પર ઉચ્ચ ન્યાયાલય દ્વારા આરોપીને દોષિત ઠેરવવા માટે ભરોસો મૂકી શકાતો નહોતો.

૭. તેમણે વધુમાં દલીલ કરી હતી કે ફરિયાદી, ફરિયાદપક્ષના સાક્ષી–૪, કે જે મૃતકના પુત્ર છે તેમણે જણાવ્યું હતું કે તેમના પિતા છેલ્લે ૨૯.૧૧.૨૦૧૧ના રોજ કેરળમાં ઘર છોડીને ગયા હતા અને તેમણે ૨૮.૧૨.૨૦૧૧ના રોજ એકવાર તેમના પિતાને એક પારિવારિક કાર્યક્રમમાં આમંત્રિત કરવા માટે બોલાવ્યા હતા, જે સંમત થયા હતા પરંતુ મૃત વ્યક્તિએ કેરળની મુલાકાત લીધી નહોતી.તેમણે દલીલ કરી હતી કે, ફરિયાદીપક્ષના કહેવા મુજબ, સદર કબૂલાત નિવેદનમાં જણાવ્યા અનુસાર ૨.૧૧.૨૦૧૧ ના રોજ આરોપીએ તેની હત્યા કરી હતી અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર, ૨૧.૦૧.૨૦૧૨ના રોજ ખોદકામના ૪૫ થી ૬૦ દિવસો અગાઉ મૃત્યુ થયું હતું અને આ રીતે, આરોપીને જવાબદાર ઠેરવવા માટે કરવામાં આવેલી ફરિયાદપક્ષની વાર્તા વિશ્વાસપાત્ર નથી અને તેના કારણે ગંભીર શંકાનું કારણ બન્યું

છે અને ફરિયાદપક્ષના કેસમાં ઉભી થયેલી ખામી સમજાવી શકાઇ નથી, જે બાબત ફરિયાદી પક્ષના કેસ માટે ઘાતક હતી.

૮. તેમણે વધુમાં દલીલ કરી હતી કે ફરિયાદપક્ષ મુખ્યત્વે ત્રણ સાક્ષીઓ એટલે કે ફરિયાદપક્ષના સાક્ષી–૧ (મહાઝર સાક્ષી), ફરિયાદપક્ષના સાક્ષી–૨ (તપાસ સાક્ષી) અને ફરિયાદપક્ષના સાક્ષી–૧૦ (આરોપીના ખુલાસાઓનું ભાષાંતર કરનાર વ્યક્તિ) પર નિર્ભર છે, જેઓ દ્વારા એ હકિકત પુરવાર થઇ શકે કે આરોપી દ્વારા કથિત રીતે મૃતક વ્યક્તિના ફાર્મ હાઉસમાંથી ચોરી કરવામાં આવેલી સામગ્રી (એમઓ) મળી આવેલી. આ સાક્ષીઓની જુબાનીને ધ્યાને લઈને, તે એવી દલીલ કરવામાં આવેલ છે કે તેઓ પડોશમાં રહેતા ખૂબ જ ગાઢ મિત્રો છે અને આ ત્રણેય સાક્ષીઓ રિકવરીની પ્રક્રિયાના સાક્ષી બન્યા હતા અને જપ્ત કરાયેલા મુદ્દામાલ અને ઇન્કવેસ્ટ અહેવાલને સમર્થન આપેલ છે અને આ રીતે તેમને ફરિયાદપક્ષના ઇશારે લાવવામાં આવેલા સ્ટોક સાક્ષી તરીકે ગણવા જોઈએ અને તેઓ ભરોસાપાત્ર ન હોવાનુ માનવુ જોઇએ. તે એવી પણ દલીલ કરે છે કે ફરિયાદીની વાર્તા એવી છે કે આરોપી મૃતક વ્યક્તિના ફાર્મહાઉસનો કર્મચારી હતો જે પુરવાર થયું નથી. તેઓ રજૂ કરે છે કે ફરિયાદપક્ષ છેલ્લે સાથે જોયેલાના સિદ્ધાંતની સાથે–સાથે સંજોગોની સાંકળ સાબિત કરવામાં પણ નિષ્ફળ રહેલ છે.તેમણે એવી દલીલ કરી હતી કે, માત્ર એવી હકિકત કે જ્યારે આરોપીની સામે ફોજદારી કાર્યરિતિ સંહિતાની કલમ–૩૧૩ (ટૂંકમાં ‘સી.આર.પી.સી.’) હેઠળ તપાસ કરવામાં આવી હતી, ત્યારે આરોપીએ તેમની સામે મૂકવામાં આવેલા તમામ આરોપોનું ખંડન કર્યું હતું, જેમાં તેમના ઇશારે મૃતદેહો અને અન્ય સામગ્રી મળી હતી તેનો સમાવેશ થાય છે અને આવી હકીકત આ નિષ્કર્ષ પર પહોંચીને આરોપીનો બચાવ સ્વીકારવા માટે પૂરતી હતી કે, ફરિયાદપક્ષ આરોપીનો દોષ વાજબી રીતે સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે.

૮.૧ તેમણે દલીલ કરી હતી કે આરોપીનો કેસ એવો હતો કે જ્યારે તેને પોલીસ દ્વારા સ્થળ પર લાવવામાં આવ્યો ત્યારે પહેલેથી જ કેટલાક લોકો ત્યાં ઉભા હતા કે જ્યાંથી મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો, જયારે કે આરોપીએ પોલીસનું આ સ્થળ અંગે ધ્યાન દોર્યું ન હતું અને આરોપીની ધરપકડ પહેલાં જ તે સ્થળ વિશે પોલીસને જાણ હતી. આથી, ઉચ્ચ અદાલતે ફરિયાદીના કેસને ખોટો સાબિત કરવાનો બોજ આરોપી ઉપર નાખવો જોઈતો ન હતો. તેમણે દલીલ કરી હતી કે, મૃતક ખેડૂતના ફાર્મ હાઉસમાં કામ કરતા બે કર્મચારીઓ ગુમ થયા હતા અને આ સંબંધમાં ફરિયાદપક્ષ તરફથી કોઈ પણ સ્પષ્ટતા કરવામાં આવી ન હતી. આ બાબત મૃતક વ્યક્તિના આક્ષેપિત કૃત્ય અંગે ગંભીર શંકા ઉભી કરે છે. તેની દલીલ હતી કે આરોપીના મોબાઇલનો સીડીઆર સુરક્ષિત ન હતો અને ફરિયાદપક્ષ દ્વારા પુરાવા તરીકે તે રજૂ કરવામાં આવ્યો હતો જે ફરિયાદી પક્ષ માટે ઘાતક હતો.

૮.૨ તેમણે દલીલ કરી હતી કે સદર કબૂલાત નિવેદનને આંક પી.–૨ને બે ભાગોમાં વિભાજીત કરવામાં આવે છેઃએટલે કે, મૃતદેહો અને વસ્તુઓની જપ્તી અને એ બાબત કે જેમાં નિવેદન નિર્વિવાદ રીતે પોલીસ સમક્ષ હતુ જે અસ્વીકાર્ય હતું. તેઓ એવી દલીલ દ્વારા પણ વિસ્તૃત રજૂઆત કરે છે કે જ્યારે ટ્રાયલ કોર્ટના તારણો તર્કવિરુદ્ધ તરીકે ગણાવી શકાશે નહીં અથવા તેને સાબિત કરવું શક્ય નહીં હોય, ત્યારે એ જરૂરી છે કે આ અદાલતના ચુકાદામાં જણાવ્યા અનુસાર આરોપીઓને લાભ મળવો જોઈએ અને આ રીતે તેમણે ટ્રાયલ કોર્ટ દ્વારા પસાર કરાયેલા દોષમુક્તિના આદેશની પુષ્ટિ કરવા માટે પ્રાર્થના કરી છે, જે ઉચ્ચ અદાલતે ઉલટાવી દેવામાં આવેલ છે.તેમણે દલીલ કરી હતી કે શંકાના આધારે દોષિત ઠરાવી શકાય નહીં અને ફરિયાદપક્ષ તમામ વાજબી શંકાથી ઉપર આરોપીનો દોષ પુરવાર કરવામાં નિષ્ફળ

રહ્યો છે અને નીચેના ચુકાદાઓનો આધાર લઈને તે અપીલ મંજૂર કરવા અને ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાને પુનઃસ્થાપિત કરવા માટે પ્રાર્થના કરે છેઃ

(૧) **શરદ બિરધીચંદ સરદા વિરુધ્ધ** મહારાષ્ટ્ર રાજ્ય (૧૯૮૪) ૪ એસ. સી. સી. ૧૧૬

(૨) **શીઓ સ્વરૂપ વિરુધ્ધ કિંગ એમ્પરર** એઆઈઆર ૧૯૩૪ પીસી ૨૨૭,

(૩) **ચંદ્રપ્પા અને અન્ય વિરુદ્ધ કર્ણાટક રાજ્ય (૨૦૦૭)** ૪ એસસીસી ૪૧૫,

(૪) **મુરુગેસન વિરુદ્ધ રાજ્ય, પોલીસ ઇન્સ્પેક્ટર મારફતે (૨૦૧૨) ૧૦** એસસીસી ૩૮૩,

(૫) **નરેશ ચંદ્ર દાસ વિરુદ્ધ એમ્પરર** એઆઈઆર ૧૯૪૨ (કલકત્તા) ૫૯૩,

(૬) **પોહાલ્યા મોત્યા વલવી વિરુધ્ધ મહારાષ્ટ્ર રાજ્ય (૧૯૮૦)** ૧ એસસીસી ૫૩૦,

(૭) **અન્વર પી. વી. બનામ પી.** કે. બશીર (૨૦૧૪) ૧૦ એસ.સી.સી. ૪૭૩,

(૮) **અર્જુન પંડિત રાવ ખોતકર વિરુધ્ધ કૈલાશ કુશનરાવ** ગોરંટ્યાલ (૨૦૨૦) ૭ એસસીસી ૧.

બીજી બાજુ, રાજ્ય તરફે હાજર થયેલા શ્રી વી. એન. રઘુપતિ, સીનિયર કાઉન્સેલ દ્વારા ઉચ્ચ અદાલતે આપેલા ચુકાદાને ટેકો આપવામાં આવ્યો હતો.તેઓએ એવી રજૂઆત કરી કે જ્યારે વિધ્વાન સેશન્સ જજ તેની સમક્ષ ઉપલબ્ધ પુરાવાઓ પર ધ્યાન આપવામાં નિષ્ફળ રહ્યા હોય અથવા ઉપલબ્ધ પુરાવાઓનુ ભૂલથી વિષ્લેષણ કરેલ હોય ત્યારે તેના પરિણામે અપીલીય અદાલતે તેના અધિકારનો ઉપયોગ કરીને તે તારણો રેકોર્ડ કરતી વખતે આપેલા નિષ્કર્ષોને ઉલટાવી દીધા છે. તેઓ રજૂઆત કરેલ કે પૂરાવાના પુનઃમૂલ્યાંકન પર અપીલીય

અદાલતે એવો અભિપ્રાય બનાવ્યો છે કે રેકોર્ડ પર ઉપલબ્ધ સામગ્રીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું નથી અને તેની ચર્ચા કરવામાં આવી છે.

૯. તેણે એવી દલીલ કરી કે મહત્વના સાક્ષીઓ એટલે કે ઝડતી પંચનામાના ફરિયાદપક્ષના સાક્ષી–૩, ફરિયાદપક્ષના સાક્ષી–૯, ફરિયાદપક્ષના સાક્ષી–૧૧ અડગ રહ્યા હતા અને ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૧૩ હેઠળ નોંધાયેલા આરોપીના નિવેદનમાં કોઈ સ્પષ્ટતા ન હોવાના કારણે, ઉચ્ચ અદાલતે યોગ્ય રીતે નોંધ્યું છે કે આ મહત્વના પુરાવાને ટ્રાયલ કોર્ટ દ્વારા અવગણવામાં આવ્યો હતો અને રેકોર્ડ પર ઉપલબ્ધ સદર બિનવિવાદી પુરાવાને કારણે તેણે તે સ્વીકારવાની અને દોષિત આરોપીને દોષિત ઠેરવવાની પ્રક્રિયા હાથ ધરી છે અને આવા અવલોકાનમાં ભૂલનો દોષ નથી.તેઓ ફરિયાદપક્ષના સાક્ષી–૫ ના પુરાવા તરફ અદાલતનું ધ્યાન દોરેલ છે, જે આરોપીના મિત્ર છે કે જેણે શ્રી બાબુ (ફરિયાદપક્ષના સાક્ષી–૧૧) એટલે કે શ્રી લિજો (ફરિયાદપક્ષના સાક્ષી–૫) ને એડવોકેટ ફરિયાદપક્ષના સાક્ષી–૧૫ દ્વારા તૈયાર કરવામાં આવેલા કરાર હેઠળ વેચવામાં આવેલ કાટમાળ ટેપીંગ મશીનો વિશે વાત કરી હતી.તેમણે દલીલ કરી હતી કે, સદર સાક્ષીએ આંક પી–૧૫ વિશે પણ વાત કરી છે, જે અંતર્ગત એમ.ઓ. ૨૩ થી ૩૨ કે જે આરોપી દ્વારા આપવામાં આવ્યા હોવાનું કહેવાય છે તેમને જપ્ત કરવામાં આવ્યા હતા અને આ રીતે ફરિયાદીના કેસને ટેકો આપીને અને એવી દલીલ કરીને કે ઉચ્ચ અદાલતે પૂરાવાનુ ફરી મૂલ્યાંકન કરીને એવો યોગ્ય અભિપ્રાય બનાવ્યો છે કે, ટ્રાયલ કોર્ટે દસ્તાવેજી પુરાવાની અવગણના કરી હતી અને આ રીતે તેમણે ઉચ્ચ અદાલતના એવા ચુકાદાને ટકાવી રાખવા માટે પ્રાર્થના કરી હતી કે જેમાં ટ્રાયલ કોર્ટના ચુકાદાને ઉલટાવીને આરોપીને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો.પોતાની રજૂઆતના સમર્થનમાં તેમણે નીચેના ચુકાદાઓનો આધાર લીધો છેઃ

(૧) **રાજસ્થાન રાજ્ય વિરુદ્ધ કાશીરામ** (૨૦૦૫) ૧૨ એસ.સી.સી. ૨૫૪

(૨) **એ. એન. વેંકટેશ અને અન્ય વિરુદ્ધ કર્ણાટક રાજ્ય** (૨૦૦૫) ૭ એસ.સી.સી. ૭૧૪

(૩) **કર્ણાટક રાજ્ય વિરુદ્ધ સુવર્ણમ્મા** (૨૦૧૫) ૧ એસ.સી.સી. ૩૨૩૧૨

(૪) **પટ્ટૂ રાજન વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય** (૨૦૧૯) ૪ એસ.સી.સી. ૭૧.

(૫) **અર્જુન પંડિતરાવ કોટકર વિરુધ્ધ કૈલાશ** (૨૦૨૦) ૭ એસસીસી ૧.

૧૦. પક્ષો તરફથી રજૂ થયેલા વિદ્વાન વકીલોને સાંભળ્યા પછી અને બારમાં ઉઠાવવામાં આવેલી પ્રતિદ્વંદ્વીની દલીલો ઉપર કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી, અમારો એવો વૈચારિક મત છે કે અમારે ધ્યાનમાં લેવા લાયક નીચે મુજબના મુદ્દાઓ ઊભા થઈ શકે છેઃ(ક) શું ટ્રાયલ કોર્ટના નિષ્કર્ષને ઉલટાવવાનો હાઈકોર્ટનો ચુકાદો બે સંભવિત મંતવ્યો અને ટ્રાયલ કોર્ટ દ્વારા સંભવિત દ્રષ્ટિકોણને આધારે રદ કરવો જોઈએ?(ખ) શું ઉચ્ચ અદાલતનો નિર્ણય ખોટો છે અને ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધાયેલા તારણો ઉચ્ચ અદાલતે સદર પૂરાવાની પુનઃમૂલ્યાંકન કરતી વખતે ખોટી રીતે ઉલટાવી દીધા છે?અથવા (ગ) શું ઉચ્ચ અદાલતે યોગ્ય રીતે પુરાવાનુ મૂલ્યાંકન કર્યુ છે અથવા ઉચ્ચ અદાલત યોગ્ય પરિપ્રેક્ષ્યમાં પુરાવા પર વિચાર કરવામાં નિષ્ફળત નિવડેલ છે?

<u>ચર્ચા અને તારણો</u>

૧૧. ઉપર દર્શાવેલા મુદ્દાઓ એકબીજા સાથે જોડાયેલા હોવાથી અને નોંધણી હેઠળના તારણો એકબીજા સાથે ઓવરલેપ થવાની સંભાવના હોવાથી, અમે ઉપરોક્ત મુદ્દાઓ પર સંયુક્તપણે વિચાર કર્યો છે અને અહીં નીચે જવાબ આપ્યો છેઃ

<u>રેફરેન્સઃમુદ્દા નંબર ૧ થી ૩</u>

૧૨. અપીલકર્તા વતી હાજર થયેલા વિદ્વાન વકીલે ઉઠાવેલી મુખ્ય દલીલોમાંની એક દલીલ એ છે કે ઉચ્ચ અદાલતે ટ્રાયલ કોર્ટ દ્વારા અપાયેલા દોષમુક્તિના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો ન જોઈએ અને માત્ર ટ્રાયલ કોર્ટના ચુકાદામાં વિષમતા હોય અને ટ્રાયલ કોર્ટ દ્વારા લેવામાં આવેલો મત શક્ય ન હોય તેવા સંજોગોમાં જ, આ અદાલતના મુરુગેસન વિરુધ્ધ સરકાર પોલીસ ઇન્સપેક્ટર ના ચુકાદા પર ભરોસો મૂકીને તેને ઉલટાવી શકાયો હોત, જે કેસ અંતર્ગત નીચે મુજબ નિર્ણય લેવામાં આવ્યો હતોઃ

> "**33.** ઓક્સફર્ડ ઇંગ્લિશ ડિક્શનરીમાં 'ભૂલભરેલું ', 'ખોટું' અને 'સંભવિત' શબ્દોને નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છેઃભૂલભરેલું –– ખોટું; જે સાચું નથી તે.ખોટું –– (૧) જે સાચું અથવા સત્ય નથી તે, ખોટી રીતે થયેલ. (૨) અન્યાયી, અપ્રમાણિક કે અનૈતિક.સંભવિત –– (૧) અસ્તિત્વમાં હોવા સમર્થ, જે થઈ રહ્યું છે તે અથવા જે પ્રાપ્ત કરવામાં આવી રહ્યુ છે તે. (2) તે અસ્તિત્વમાં હોઈ શકે છે અથવા થઈ શકે છે, પરંતુ તે ચોક્કસ અથવા સંભવિત નથી."

૩૪. આપણા માટે એ બાબત પર ભાર મૂકવો જરૂરી રહેશે કે સંભવિત દ્રષ્ટિકોણ એવો અભિપ્રાય સૂચવે છે કે જે સચોટતા અથવા અન્યથા નિરપેક્ષ રીતે હોવા છતાં અસ્તિત્વ ધરાવી શકે છે અથવા તેને અમલી બનાવી શકાય છે.શ્રેણીબદ્ધ માળખામાં નીચલી અદાલત દ્વારા લેવામાં આવેલો મત ઉચ્ચ અદાલત દ્વારા માત્ર અસહમતિ હોવાના કારણસર ભૂલભરેલો અથવા ખોટો ગણાવી શકાય છે.પરંતુ ઉપલી અદાલતનો આ પ્રકારનો નિષ્કર્ષ નીચલી અદાલતોના અભિપ્રાયને સંભવિત દૃષ્ટિકોણની બહાર લઈ જશે નહીં.કોર્ટ દ્વારા કોઈ પણ નિષ્કર્ષ પર પહોંચવાની સત્યતા અથવા અન્યથા ને ઉચ્ચ ન્યાયિક સત્તામંડળને જે નિષ્કર્ષ સાચો લાગે તેના આધારે તેની ચકાસણી કરવી જોઈએ.બીજી તરફ, સંભવિત દ્રષ્ટિકોણ એવો નિષ્કર્ષ સૂચવે છે કે જે બાબતે ઉપલી અદાલત દ્વારા સંમતિ વ્યક્ત કરવામાં આવી છે કે નહીં તેને ધ્યાનમાં લીધા વિના વાજબી રીતે નિર્ણય લઈ શકાય છે.આ બંને પરિસ્થિતિઓ વચ્ચેનો મૂળભૂત તફાવત ધ્યાનમાં રાખવો પડશે.જ્યાં સુધી ટ્રાયલ કોર્ટ દ્વારા લેવામાં આવેલ દ્રષ્ટિકોણ વાજબી રીતે રચાઈ શકે ત્યાં સુધી, હાઈકોર્ટ તેની સાથે સંમત થાય કે નહીં તે ધ્યાનમાં લીધા વિના, ટ્રાયલ કોર્ટ દ્વારા લેવામાં આવેલ દ્રષ્ટિકોણને અટકાવી શકાતો નથી અને હાઈકોર્ટ દ્વારા અપનાવેલ દ્રષ્ટિકોણને ટ્રાયલ કોર્ટના દૃષ્ટિકોણથી કરતાં ઉપર ગણવામાં આવશે. "

૧૩. એ બાબત નવેસરથી કહેવાની જરૂર નથી કે ઉચ્ચ ન્યાયાલય માટે ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા પુરાવા અને નિષ્કર્ષોની ફરીવાર ધ્યાન હેઠળ લેવાં શક્ય છે અને ટ્રાયલ કોર્ટનો ચુકાદો રેકોર્ડ પરના પુરાવાની કરતા વિષમ હોય તો આવી પરિસ્થિતિમાં ઉચ્ચ

ન્યાયાલય માટે ટ્રાયલ કોર્ટના તારણોમાં હસ્તક્ષેપ કરવો અને/અથવા ટ્રાયલ કોર્ટના તારણોને ઉલટાવી નાંખવાની બાબત ન્યાયસંગત રહેશે.ગામિની બાલા કોટેશ્વર રાવ વિરુદ્ધ આંધ્ર પ્રદેશ રાજ્ય [એઆઈઆર ૨૦૧૦ એસસી ૫૮૯૧૫] કેસમાં આ અદાલતે નીચે મુજબ ચુકાદો આપ્યો છેઃ

"**૧૪.** અમે આગળની દલીલો પર વિચાર કર્યો છે અને આ બાબતને ખૂબ જ વિગતવાર સાંભળી છે.શ્રી રાવની દલીલ મુજબ એ વાત સાચી છે કે ટ્રાયલ કોર્ટ દ્વારા દોષમુક્તિ વિરુદ્ધ નોંધવામાં આવેલી અપીલમાં હસ્તક્ષેપ ભાગ્યે જ અને અપવાદરૂપ સંજોગોમાં જ થવો જોઈએ.જોકે, અત્યારે એ બાબત સારી રીતે નક્કી થઈ ગઈ છે કે ઉચ્ચ અદાલત ટ્રાયલ કોર્ટે આપેલા પુરાવાઓ અને નિષ્કર્ષોનું નવેસરથી મૂલ્યાંકન કરી શકે છે, પરંતુ ત્યારે જ જ્યારે ટ્રાયલ કોર્ટનો નિર્ણય વિષમ હોવાનું જણાય છે.કાયદામાં 'વિષમ' શબ્દનો અર્થ 'પૂરાવાના બોજ વિરુધ્ધ' થાય છે.એ મુજબ આપણે એવું જોવું પડશે કે ટ્રાયલ કોર્ટનો જે ચુકાદો હાઈકોર્ટે વિષમ જણાવ્યો છે તે ખરેખર હતો કે નહીં.અપીલીય અદાલત પોતાની સત્તાઓનો ઉપયોગ કરીને દોષમુક્તિના આદેશને બદલી શકે છે અને અપીલીય અદાલત તરીકે ઉચ્ચ અદાલત માટે પોતાની સત્તાનો ઉપયોગ કરવા અંગે કોઈ મર્યાદા કે પ્રતિબંધ હોય તેવો સંહિતામાં કોઈ સંકેત નથી.અપીલ હાથ ધરવા માટે હાઈકોર્ટની સત્તા અંગે દોષમુક્તિના આદેશ સામેની અપીલ અને દોષસિદ્ધિની સામેની અપીલ વચ્ચે કોઈ તફાવત કરી શકાશે નહીં.ફોજદારી કાર્યરિતિ સંહિતા જે પુરાવાના આધારે દોષમુક્તિનો આદેશ આપવામાં આવ્યો હતો તેની વ્યાપક સમીક્ષા કરવાની સત્તાનો ઉપયોગ કરવા અને તે પુરાવાના આધારે દોષમુક્તિનો આદેશ ઉલટાવવો જોઈએ તે નિષ્કર્ષ પર પહોંચવા માટે કોઈ બંધન મૂકતી નથી.

શીઓ સ્વરૂપ વિરુધ્ધ કિંગ એમ્પરર [એઆઈઆર ૧૯૩૪ પીસી ૨૨૭૧૬] ના કેસમાં પ્રિવી કાઉન્સિલ દ્વારા નીચે મુજબ નિર્ણય લેવામાં આવ્યો છેઃ

> પરંતુ આચારસંહિતા દ્વારા અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અને હકીકતમાં નિષ્કર્ષ પર પહોંચતા પહેલા, ઉચ્ચ અદાલતે નીચે મુજબની બાબતોને હંમેશા ઉચિત મહત્વ આપવું જોઈએઃ
>
> (૧) સાક્ષીઓની વિશ્વસનીયતા અંગે ટ્રાયલ જજના મંતવ્યો/અભિપ્રાય
>
> ૨) આરોપીની તરફેણમાં નિર્દોષતાની ધારણા.
>
> (૩) કોઈ પણ શંકાના લાભ માટે આરોપીનો અધિકાર અને (૪) સાક્ષીઓને જોવાનો લાભ મેળવનાર ન્યાયાધીશ દ્વારા હકીકતના તારણમાં વિક્ષેપ લાવવા માટે અપીલીય અદાલતની ધીમી કામગીરી.

૧૪. આ અદાલતે નિર્દોષ જાહેર કરવાના હુકમ સામેની અપીલની સુનાવણી કરતી વખતે અપીલીય અદાલતની સત્તાઓનો વારંવાર પુનરોચ્ચાર કર્યો છે અને **ચંદ્રપા અને અન્ય વિરુદ્ધ કર્ણાટક રાજ્ય** [(૨૦૦૭) ૪ એસસીસી ૪૧૫] ની બાબતમાં નીચેના અસરથી સામાન્ય સિદ્ધાંતો નિર્ધારિત કર્યા છેઃ

> "**૪૨.** ઉપરોક્ત નિર્ણયોમાંથી, અમારા વિચારાધીન દ્રષ્ટિકોણ મુજબ, નિર્દોષ જાહેર કરવાના આદેશ સામેની અપીલની સુનાવણી કરતી વખતે અપીલીય અદાલતની સત્તા સંબંધિત નીચેના સામાન્ય સિદ્ધાંતો બહાર આવે છેઃ

(૧) જે પુરાવાના આધારે નિર્દોષ જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો હોય તેની સમીક્ષા, પુનઃમૂલ્યાંકન અને પુનર્વિચારની સંપૂર્ણ સત્તા અપીલીય અદાલતને આપવામાં આવી છે.

(૨) ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩માં આવી સત્તાનો ઉપયોગ કરવા પર કોઈ મર્યાદા, પ્રતિબંધ અથવા શરત મૂકવામાં આવી નથી.

(૩) વિવિધ અભિવ્યક્તિઓ જેમકે, "નોંધપાત્ર અને ફરજ પાડતા કારણો", "સારા અને પૂરતા આધારો", "ખૂબ જ મજબૂત સંજોગો", "વિકૃત થયેલ નિષ્કર્ષ", "સ્પષ્ટ ભૂલો" વગેરેનો આશય દોષમુક્તિ સામેની અપીલમાં અપીલીય અદાલતની વ્યાપક સત્તાઓને ઘટાડવાનો નથી.આ પ્રકારનાં શબ્દસમૂહો ખાસ કરીને એવાં પ્રકારના 'ભાષાનાં વિકાસ'નાં સ્વરૂપમાં વધારે છે, જે સાબિતિની સમીક્ષા કરવા અને પોતાના નિષ્કર્ષ પર પહોંચવા માટે અદાલતની સત્તાને ઘટાડવાને બદલે દોષમુક્તિમાં હસ્તક્ષેપ કરવાની અપીલીય અદાલતની અનિચ્છા પર ભાર મૂકે છે.

(૪) જોકે, અપીલીય અદાલતે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે નિર્દોષ છૂટવાના કેસમાં આરોપીના પક્ષમાં બેવડી ધારણા છે.પ્રથમ, ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંત હેઠળ તેમને નિર્દોષની ધારણા ઉપલબ્ધ છે કે જ્યાં સુધી સક્ષમ અદાલત દ્વારા દોષિત સાબિત ન થાય ત્યાં સુધી દરેક વ્યક્તિને નિર્દોષ માનવામાં આવશે.બીજું, આરોપીને નિર્દોષ જાહેર કર્યા પછી, તેની નિર્દોષતાની ધારણા પર ટ્રાયલ કોર્ટ દ્વારા વધુ ભાર મૂકવામાં આવે છે, પુષ્ટિ કરવામાં આવે છે અને મજબૂત કરવામાં આવે છે.

(૫) જો રેકોર્ડ પરના પુરાવાના આધારે બે વાજબી તારણો શક્ય હોય તો અપીલીય અદાલતે ટ્રાયલ કોર્ટ દ્વારા રેકોર્ડ કરેલા દોષમુક્તિના તારણો પર વિક્ષેપ ન કરવો જોઈએ.

૧૫. ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં, ઉચ્ચ અદાલત દ્વારા સંક્ષિપ્તમાં જણાવ્યા અનુસાર ગુનો આચરવા બદલ એકલા આરોપીના અપરાધ તરફ નિર્દેશ કરે તેવા સંજોગોને સાબિત કરવા માટે રાજ્ય દ્વારા સંયોગાત્મક પુરાવાઓ પર આધાર રાખ્યો છે, જેમાં નીચે દર્શાવેલ કારણોને લીધે, તેમાં ખામી શોધી શકાતી નથી :

૧૬. ૨૧.૦૧.૨૦૧૨ ના રોજ હાથ ધરવામાં આવેલા પોસ્ટ મોર્ટમ અહેવાલ, આંક ૪૧, ના આધારે શ્રી જોસ સી. કફાનનું મૃત્યુ હત્યા હોવાની બાબત પુરવાર થઈ છે.આ અહેવાલ દર્શાવશે કે, પોસ્ટમોર્ટમ પરીક્ષણનાં ૪૫–૬૦ દિવસ અગાઉ મૃત્યુ થયું હશે.ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૨૨ ડોક્ટર કીર્તિરાજ, કે જેમણે ૨૬.૦૩.૨૦૧૩ ના રોજ મૃતદેહનું પોસ્ટમોર્ટમ કર્યું હતું તેમણે તેમની સરતપાસમાં આ મુજબ અભિપ્રાય વ્યક્ત કર્યો હતોઃ

> "ડાબી આંખ પર 2 ઇંચ (લંબાઈ) X 2 ઇંચ (પહોળાઈ) નું લેસેટેડ ઘાવ મળી આવ્યું હતું. ડાબી ભમર પર ૨ ઇંચ (લંબાઈ) X ૨ ૧/૨ ઇંચ (પહોળાઈ) નો ચિરાયેલો ઘા મળી આવ્યો હતો અને ઉક્ત ઘાની કિનારીઓ ચિરાયેલી હોવાનું મળી આવ્યું. આગળના હાડકા પર કમ્યુટેડ ફ્રેક્ચર થયું હતું જે ઉક્ત ઘા હેઠળ આવે છે.ડાબી આંખની નીચે એટલે કે મેક્સિલા હાડકાના

ભાગોમાં સોજો જોવા મળ્યો હતો, જેનો અર્થ એ છે કે, ૨ ૧/૨ ઇંચ x ૧ ૧/૨ ઇંચ માપના કેટલાક લોહીના ગંઠાવાના નિશાન મળી આવ્યા હતા."

ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૨૨ એ અભિપ્રાય આપ્યો છે કે શ્રી જોસ કાફનનું અવસાન મગજના રક્તસ્ત્રાવના કારણે થયું હતું, જે કપાળ પર કમ્યુટેડ ફ્રેક્ચરને કારણે થયું હતું.આ બાબતને ધ્યાનમાં રાખીને અને આ મુદ્દા પર કોઈ ગંભીર વિવાદ ન હોવાના કારણે ઉચ્ચ અદાલતે આપેલા અપ્રતિરોધ્ય નિષ્કર્ષમાં શ્રી જોસ કાફનનું મૃત્યુ હત્યાના કારણે થયું હતું તેમાં કોઈ ખોટું શોધી શકાતું નથી.

૧૬.૧ આરોપી વતી વિદ્વાન વકીલની દલીલ કે પ્રત્યક્ષદર્શીઓના અભાવને કારણે ખરેખર શું થયું હતું તે નિર્ણાયક રીતે જણાવવું શક્ય નથી અને તેથી મૃતક પડી ગયા હોવાની અને ઈજા પામ્યા હોવાની સંભાવનાને નકારી શકાતી નથી, જે સ્વીકારી શકાતી નથી અને ઉચ્ચ અદાલત દ્વારા નોંધાયેલ તારણો પુષ્ટિ કરવાને પાત્ર છે.

૧૬.૨ શૃંખલામાં એક અન્ય સંજોગો કે જેના પર ફરિયાદ પક્ષ દ્વારા આધાર રાખવામાં આવ્યો હતો તે "છેલ્લા દ્રશ્ય સિદ્ધાંત" ના સંદર્ભમાં છે.ફરિયાદપક્ષ નો કેસ છે કે મૃતક શ્રી જોસ કાફન કેરોડી ગામમાં પોતાની બગીચાની જમીનમાં રહેતા હતા અને સર્વે નંબર ૪૮ અને ૪૯માં કૃષિ પ્રવૃત્તિઓ કરી રહ્યા હતા.ફરિયાદપક્ષ નો કેસ છે કે, મૃતક વ્યક્તિએ બગીચાની જમીનમાં જ ઘર બનાવ્યું હતું અને ત્યાં જ રહેતો હતો.ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૪ તરીકે તપાસ કરાવનારા મૃતકના પુત્રએ સ્પષ્ટ શબ્દોમાં નિવેદન આપ્યું છે કે, તેમના પિતાએ તેમને માહિતી આપી હતી કે, સમાચાર પત્ર 'દીપિકા'માં એક કામદારની જરૂરિયાત વિશે જાહેરાત

આપવામાં આવી હતી અને તેના અનુસંધાનમાં આરોપીએ અરજી કરી હતી અને તેને કામ માટે લેવામાં આવ્યો હતો.તેમણે વર્તમાનપત્રને આંક ૨૮ તરીકે ઓળખી કાઢ્યું છે અને સંબંધિત જાહેરાત આંક ૮(એ) તરીકે ઓળખી કાઢી છે.

૧૬.૩ ફરિયાદ પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો કે આરોપી મૃતક દ્વારા નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૪ અથવા ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૫, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૬, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૭, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૮, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૯, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૧ અને ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૨ નામના અન્ય કોઈ સાક્ષીઓએ અપીલકર્તાને મૃતકની બગીચાની જમીનમાં કામ કરતા જોયા ન હતા.એવી દલીલ કરવામાં આવી છે કે, આરોપી અને મૃતક બંનેને એકસાથે ક્યારેય જોવામાં આવ્યા ન હતા અને ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા તારણો ખૂબ જ તર્કસંગત છે અને ખાસ કરીને ફકરા ૧૪, ૧૫ અને ૧૬માં નોંધેલા તારણો અને ઉચ્ચ અદાલતે તેમાં દખલગીરી ન કરવી જોઈએ એવી દલીલ પ્રથમ તો આકર્ષક લાગે છે, પરંતુ ઊંડાણપૂર્વકની તપાસ પર તે ઉચ્ચ અદાલત નોંધેલા સત્યને ખોટું સાબિત કરે છે.ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૦ અને ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૪ દ્વારા સાક્ષી આપવામાં આવી છે કે, આરોપી છેલ્લે મૃતક વ્યક્તિની કંપનીમાં જોવા મળ્યો હતો.ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૦નાએ તેમની તારીખ ૨૬.૦૨.૨૦૧૩ ના રોજની સર તપાસમાં નીચે મુજબ જણાવ્યું છે.

> " હું ૧૯૬૨થી સાગરમાં રહું છું.હું છેલ્લા ૨૩ વર્ષથી ઓટો રિક્ષા ચલાવી રહ્યો છું.હું જોસ કાફનને ઓળખું છું અને તે કેરળના છે.મલયાલમ જાણતા ઓટો

ડ્રાઈવરની જ્યારે ઓટો સ્ટેન્ડમાં જરૂર હતી તો મને બતાવવામાં આવ્યો અને હું અને કાફનનો આશરે 5–6 વર્ષનો પરિચય છે.જ્યારે તેમને ઓટો રિક્ષાની જરૂર પડતી હતી, ત્યારે તેઓ મને ફોન કરતા હતા.હું તેને ખેતરમાં છોડીને જતો હતો.હું જાણું છું કે કફાનની ભૂમિ ક્યાં સ્થિત છે.સાક્ષીને આંક ૩૧ અને ૩૨ બતાવવામાં આવ્યા હતા અને તેમણે જાંબલી રંગની શર્ટ પહેરેલી વ્યક્તિની ઓળખ જોસ કાફન તરીકે કરી હતી.લોકો કામ કરવા માટે જતા હતા.મેં કાફનની જગ્યાએ આરોપીને જોયા છે.આરોપી ત્યાં મજૂર હતો.૨૧.૦૧.૨૦૧૨ ના રોજ સુંદર નામના એક દાફેદારે મને કહ્યું હતું કે, તેમને મલયાલમ જાણનાર કોઈ વ્યક્તિ જોઈએ છે અને તેમણે મલયાલમ ભાષામાંથી અનુવાદ કરવા માટે તેમની સાથે આવવાની વિનંતી કરી હતી.હું સાગર ગ્રામ્ય સ્ટેશન ગયો હતો.મને સ્ટેશન લઈ જવામાં આવ્યો અને નાયબ પોલીસ અધિક્ષક ત્યાં સ્ટેશનમાં હતા."આરોપીને મને બતાવવામાં આવ્યો અને પૂછવામાં આવ્યું કે શું હું આરોપીને ઓળખું છું અને મેં આરોપીને ઓળખી લીધો છે અને કહ્યું કે તે કાફનના બગીચામાં કામ કરતો હતો. પોલીસે xxx બતાવ્યું જેની પોલીસને જાણ કરી હતી.આરોપીએ જણાવ્યું હતું કે ૦૨.૧૨.૨૦૧૧ના રોજ જ્યારે કાફન બગીચાની જમીનમાં પોતાના ઘરમાં ૬:૦૦–૬:૩૦ વાગે સૂતો હતો, ત્યારે મેં લોખંડના સળિયા થી તેના માથા પર હુમલો કરીને તેની હત્યા કરી દીધી હતી.અડધા કલાક પછી જ્યારે મેં તેનો હાથ ઉપાડ્યો અને છોડી દીધો, ત્યારે તે નીચેની તરફ પડ્યો અને પછીથી મને પુષ્ટિ મળી કે તે મરી ગયો છે અને પછી બેડશીટનો ઉપયોગ કરીને તેના મૃત શરીરને લપેટ્યું અને દફનાવી દીધું.તેમણે જણાવ્યું હતું કે ઘરની પાછળ

કમ્પોસ્ટ ખાડો હતો અને તેમણે તે ખાતરના ખાડામાં જ મૃતદેહને દફનાવ્યો હતો. તેણે જણાવ્યું છે કે ઘરની પાછળ ખાતરનો ખાડો હતો અને તેણે મૃતદેહને તે ખાતરના ખાડામાં દાટી દીધો હતો. તેમણે જણાવ્યું હતું કે, તેમના મૃતદેહને દફનાવ્યા પછી તેઓ ત્યાં જ રહેતા હતા.તેમણે જણાવ્યું હતું કે, તેમણે ઉપકરણો વેચીને પૈસા કમાવવા માટે હત્યા કરી હતી.તેમણે એમ પણ કહ્યું હતું કે, તેમણે આ જમીન વેચવાનું પણ વિચાર્યું હતું.આરોપીએ કહ્યું હતું કે, તે એ જગ્યા બતાવશે જ્યાં તેમણે મૃતદેહને દફનાવ્યો છે અને જે લોકોને તેમણે આ ઉપકરણો વેચ્યા છે તે લોકોને બતાવશે.

૧૬.૪અન્ય એક સાક્ષી છે જેમની સાક્ષી ઉચ્ચ અદાલતે સંજોગોની સાંકળ એટલે કે છેલ્લે જોયેલા સિદ્ધાંતમાં ભરોસો મૂક્યો છે.ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૪નાએ તારીખ ૧૨.૦૩.૨૦૧૩ ના રોજની તેમની સરતપાસમાં નીચે મુજબ જણાવ્યું છે.

" હું મૂળભૂત રીતે xxx ઇન્ડસ્ટ્રીઝ ચલાવું છું.હું દીપક ગૌડાને ઓળખું છું જે જેસીબી ભાડે લઈને કામ કરે છે.દીપક મલયાલમ જાણતો નહોતો અને કાફન કન્નડ જાણતો નહોતો તેથી દીપક ગૌડા મને જેસીબી માટે પૈસા અને કામ વિશે વાત કરવા લઈ ગયો.પછી મને કાફનનો પરિચય થયો.સાક્ષીને આંક ૩૧ અને ૩૨ બતાવવામાં આવ્યા હતા અને તેમણે જાંબલી રંગનો શર્ટ પહેરેલી વ્યક્તિની શ્રી જોસ કાફન તરીકે ઓળખ કરી હતી.ત્યારબાદ અમે તેમના બગીચામાં ગયા હતા.તેણે મને કહ્યું કે તેને કામદારો જોઈએ છે કારણ કે તેના બગીચાની જમીનમાં કામ કરવા માટે કોઈ કામદારો નથી.તેથી મારી

પાસે એક મજૂર હતો, પરંતુ તે એમ કહીને કેરળ પાછો ગયો કે તેને આરામદાયક લાગતું નથી.બાદમાં સપ્ટેમ્બર, ૨૦૧૧માં એક જાહેરાત આપવામાં આવી હતી, જેના માધ્યમથી તેમને એક કામદાર મળ્યો હતો.જ્યારે અમે ત્યાં ગયા ત્યારે તે કામદાર ઘરમાં હતો.સાક્ષી એ વ્યક્તિની ઓળખ કરે છે જે શ્રી જોસ કાફન સાથે આરોપી તરીકે હતો.શ્રી જોસ કાફને જણાવ્યું હતું કે તેમની પાસે આ સ્થળનું કોઈ ઓળખ પત્ર નથી અને તેમણે મારું પોતાનું સરનામું આપીને પોતાના કાર્યકર્તાઓ માટે એક સિમ મેળવવા જણાવ્યું હતું.એ મુજબ મેં તેમને એક સિમ કાર્ડ આપ્યું."

૧૬.૫ આ બે મુખ્ય સાક્ષીઓ ઉપરાંત, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૫, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૭, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૯, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૦, ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૧ અને ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૫ એ પણ સ્પષ્ટ શબ્દોમાં જુબાની આપી છે કે આરોપી છેલ્લે મૃતકના ઘરે તેના મૃત્યુ પછી જોવા મળ્યો હતો. જો આમાંના એક સાક્ષી પર વિશ્વાસ કરવામાં આવે કે જે જુબાની આપવામાં આવી છે તે સત્ય છે, તો જરૂરી છે કે આરોપીની જવાબદારી દંડ પ્રક્રિયા સંહિતાની કલમ ૩૧૩ હેઠળ નોંધાયેલા પોતાના નિવેદનમાં અથવા આ સાક્ષીઓમાંથી પ્રાપ્ત નિવેદનમાં, તે કયા સંજોગોમાં મૃતક સાથે હતો તે અંગે સંતોષજનક સ્પષ્ટીકરણ પૂરું પાડવાની છે. જ્યારે ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૦ અને ફરિયાદ પક્ષના સાક્ષી નંબર ૧૪ એ સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેઓએ આરોપીને મૃતક વ્યક્તિની સાથે જોયો હતો અને તેનાથી વિંપરીત આરોપી દ્વારા કોઈ સ તોષકારક ખુલાસો કરવામાં આવ્યો ન હોવાથી, ત્યારે એવું માનવું જરૂરી છે કે આરોપી તેના પર મૂકવામાં આવેલા ભારણમાંથી મુક્તિ આપવામાં નિષ્ફળ ગયો છે.પુરાવા અધિનિયમની કલમ ૧૦૬ સ્પષ્ટપણે

જણાવે છે કે જ્યારે કોઈ હકીકત ખાસ કરીને કોઈ વ્યક્તિની જાણકારીમાં હોય, ત્યારે તે હકીકતને મંજૂરી આપવાનો બોજ તેના પર હોય છે, એટલે કે આવી વ્યક્તિ પર.આ અદાલતે રાજસ્થાન રાજ્ય વિ. કાશીરામ [(૨૦૦૬) ૧૨ SCC ૨૫૪]ના કેસમાં ચુકાદો આપ્યો છેઃ

" ૧૬. સૌથી મહત્વપૂર્ણ સંજોગ કે સામાવાળા વ્યક્તિને છેલ્લીવાર ૦૩.૦૨.૧૯૯૮ ના રોજ મૃતક સાથે જોવામાં આવ્યો હતો, જે પછી તે ગાયબ થઈ ગયો હતો અને તેના ઘરને તાળું મારેલું મળી આવ્યું હતું અને તેણે કોઈ પણ પ્રકારનો ખુલાસો આપ્યો ન હતો, તેનો હાઈકોર્ટે એક ટૂંકા ફકરામાં નિકાલ કર્યો હતો અને નિરીક્ષણ કર્યું હતું કે જો આરોપીને તેના ઘરમાં તેના જ પરિવારના સભ્યોની કંપનીમાં જોવામાં આવે તો તેમાં કશું જ અસામાન્ય નથી. આવા તર્કના આધારે, ઉચ્ચ અદાલતે ઠરાવ્યું હતું કે ફરિયાદ પક્ષ દ્વારા ભરોસાપાત્ર સાંયોગિક પુરાવા સામાવાળાને દોષિત ઠેરવવા પૂરતા મજબૂત નથી.તે મુજબ, ઉચ્ચ અદાલતે સામાવાળા દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોને મંજુર કરી હતી અને મોતની સજાની પુષ્ટિ માટે ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલા મૃત્યુ સંદર્ભને નકારી કાઢ્યો હતો.

